# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૧/૦૩/૨૦૨૫ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૩૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૨૬ લીટર દેશી દારૂ, ૭૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૧ લોડીંગ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૮૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૩૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૩૩૫/૨૦૨૫**

**આનંદનગરઃ** રવિ કમલેશભાઇ ભારદ્વાજ (ઉ.વ.૩૦) (રહે. ઘનશ્યામ કોમ્પલેક્ષ ચાંદલોડીયા બ્રીજ પાસે ચાંદલોડીયા) એ તા.૧૦/૦૩/૨૦૨૫ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૬/૨૦૨૪ થી તા.૧૦/૦૩/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) વંદીત સુરેશભાઇ શાહ (૨) વિશાંત સુરેશભાઇ શાહ (બન્ને રહે. આશાકિરણ ફલેટ ન્યુ ટાઇમ્સ ઓફ ઇન્ડીયા પ્રેસ રોડ રેડીયોમીર્ચી ટાવર સામે આનંદનગર) (૩) પુર્વ કેતનભાઇ શાહ (રહે. ઓલીવગ્રીન્સ ફલેટ, ગોતા બ્રીજ પાસે, ગોતા) નાઓએ ભેગા મળી રવિ ભારદ્વાજને ગુજરાત હાઇસિંગ બોર્ડમાં મકાન અપાવવાનું જણાવી વિશ્વાસ કેળવી રૂપિયા ૫,૦૦,૦૦૦/– મેળવી લીધા હતા ત્યારબાદ ગુજરાત હાઉસિંગ બોર્ડની બનાવટી પેમેન્ટ રિસીપ્ટ તથા ફાળવણી લેટર આપી, મકાન નહી આપી તેમજ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી તેમજ સાહેદ નિરવકુમાર ઉપાધ્યાય નાઓની પાસેથી પણ રૂપિયા ૫,૩૯,૨૦૦/– મેળવી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.કોડીયાતર ચલાવે છે.

**બાપુનગરઃ** અલય સ/ઓ કુંડલીક શેઠ (ઉ.વ.૪૪) (રહે. વાસુપુજ્ય કોમ્પલેક્ષ વાસણા બસ સ્ટેન્ડ પાછળ વાસણા) એ તા.૧૦/૦૩/૨૦૨૫ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન જય અંબે મોબાઇલ સ્ટોર નામથી મોબાઇલ તથા એસેઝરીઝનો લે–વેચ નો ધંધો કરતા રવિ નાનકરામ ભટેજા (રહે. રિધ્ધી સિધ્ધી એવન્યુ રુબીરુષી કંપની સામે નાના ચિલોડા) બાપુનગર સ્વામિનારાયણ મંદિર સામે વ્હાઇટ હાઉસ ખાતે અલય શેઠની દુકાનેથી મોબાઇલ ફોન તથા એસેઝરીઝ કિમત રૂપિયા ૨,૯૪,૭૪૬/– મેળવી લઈ નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.ચૌહાણ ચલાવે છે.

**સાયબર ક્રાઇમઃ** નરેન્દ્રભાઇ સ/ઓ રાજેશભાઇ પટણી (ઉ.વ.૩૨) (રહે. કડીયાની ચાલી, અસારવા) એ તા.૧૦/૦૩/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૩/૨૦૨૫ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે નરેન્દ્રભાઇ પટણીના મોબાઈલમાં અજાણી વ્યક્તિએ લગ્નની કંકોત્રીની એપ મોકલતા નરેન્દ્રભાઇ એ એપ ખોલતા મોબાઈલ હેક કરી લઈ નરેન્દ્રભાઇ પટણીના બેન્ક ખાતામાંથી રૂપિયા ૮૯,૯૮૨/- અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.ગામીત ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૩૬/૨૦૨૫**

**ઘાટલોડીયાઃ** અમરીશભાઇ હસમુખભાઇ ચૌહાણ (રહે.ગાયત્રીનગર વિભાગ-૨ રેલવે ગરનાળા પાછળ દુર્ગા સ્કુલ રોડ ચાંદલોડીયા) એ તા.૧૦/૦૩/૨૦૨૫ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૩/૨૦૨૫ સાંજના ૭/૩૦ થી તા.૦૮/૦૩/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઘાટલોડીયા રત્નાપાર્ક સોસાયટી વિભાગ-૧ ખાતે આરોહી હાર્ડવેર નામની પોતાની દુકાનનું શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનના કેશ કાઉન્ટરમાંથી રોકડ રુપિયા ૧,૦૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.ચૌહાણ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૩૭/૨૦૨૫**

**રામોલઃ** અશ્વીનભાઈ સુખદેવભાઈ પટેલ (રહે. શ્રીધર હેવન દેવસ્ય સ્કુલ રોડ વસ્ત્રાલ રામોલ) એ તા.૧૦/૦૩/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રામોલ વસ્ત્રાલ તક્ષશીલા સ્કુલ રોડ સીલ્વર સીટી પાસે સોમનાથ પાર્ક દુકાન નંબર-૪૬ ખાતે ધૈર્ય ક્રીએશન નામની પોતાની દુકાન ખાતે કામ કરતા સુરેન્દ્ર જગદીશચન્દ્ર કુશ્વાહ (રહે.લખાના ઈટાવા ઉત્તરપ્રદેશ) તથા તેઓના અન્ય બે સાગરીત ભેગા મળી તા.૦૭/૦૩/૨૦૨૫ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે દુકાનમાંથી કાપડના તાકા નંગ-૧૩૫ કિમત રૂપિયા ૨,૭૦,૦૦૦/- રિક્ષામાં ભરી ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિષ્ણુભાઈ હીરાભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૩૮/૨૦૨૫**

**મેઘાણીનગરઃ** કાજલબહેન વા/ઓ શૈલેષભાઇ યાદવ (ઉ.વ.૨૫) (રહે.બ્લોક નંબર-૫૨ ગુજરાત હાઉસિંગ બોર્ડ ડૉ.બાબુભાઇના દવાખનાની બાજુમાં મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૨૦૨૫ ના રોજ પોતાના ઘરે ગળોફાંસો ખાતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૩/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

**વટવાઃ** કિશનસિંગ રામદાસસિંગ ચંદેલ (ઉ.વ.૪૦) (રહે. શિવકૃપા રેસીડેન્સી રૂપ વાટીકા સામે વટવા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૩/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રિયવનસિંહ ધીરજસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી